| | | |
|---|---|---|
| દાખલ તારીખ | : | ૨૬–૦૫–૨૦૨૩ |
| રજી. નોધ્યા તારીખ | : | ૨૬–૦૫–૨૦૨૩ |
| ચુકાદો જાહેર થયા તારીખ | : | ૩૦–૦૬–૨૦૨૬ |
| સમગગાળો | : | વર્ષ માસ દિવસ |
| | | ૦૩ ૦૧ ૦૪ |

# FORM–A

| | | |
|---|---|---|
| IN THE COURT OF ADDL.CHIEF JUDICIAL MAGISTRATE COURT NAVSARI,<br>Presided over by P.K.RAI | | |
| ફોજદારી કેસ નં. | **૬૩૯૮/૨૦૨૩** | **આંક–૩૮** |

| | |
|---|---|
| પોલીસ સ્ટેશન | વિજલપોર પોલીસ સ્ટેશન |
| પ્રથમ માહિતી અહેવાલ નંબર | પાર્ટ–એ ગુ.રજી.નં.૧૧૮૨૨૦૨૨૨૩૦૧૧૦ |
| ગુનાની કલમ | ઈ.પી.કો.ક–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તથા ૧૧૪ મુજબ |

| | |
|---|---|
| ફરિયાદી | શ્રી સરકાર |
| ફરિયાદપક્ષે | વિ. એ. પી. પી.શ્રી. જે. યુ. યાદવ |
| | |
| આરોપી | ૧. પ્રકાશભાઈ પ્રવીણચંદ્રભાઈ સંઘવી<br>ઉ.વ.૪૯, ધંધો– વેપાર<br>૨. નિશાંતભાઈ S/o પ્રકાશભાઈ પ્રવીણચંદ્રભાઈ સંઘવી<br>ઉ.વ.૨૪, ધંધો–વેપાર<br>બંને રહે. ૪૦૨, મેઘમલ્હાર એપાર્ટમેન્ટ,માણેકલાલ રોડ, વિજલપોર, તા. જલાલપોર, જી. નવસારી. |
| આરોપી તરફે | વિ.વ.શ્રી જે.વી. પટેલ |

## FORM–B

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૩૦/૦૧/૨૦૨૩ |
| પ્રથમ માહિતી અહેવાલ તારીખ | ૧૨/૦૨/૨૦૨૩ |
| આખરી અહેવાલ તારીખ | ૨૬/૦૫/૨૦૨૩ |
| તહોમતનામાની તારીખ | ૦૫/૦૯/૨૦૨૩ |
| પુરાવો શરૂ કર્યાની તારીખ | ૧૨/૦૮/૨૦૨૪ |
| ચુકાદા માટે મુલત્વી રાખ્યા તારીખ | ૩૦/૦૭/૨૦૨૬ |
| ચુકાદો જાહેર થયા તારીખ | ૩૦/૦૭/૨૦૨૬ |
| આખરી હુકમ | આરોપીને તકસીરવાન ઠરાવવામાં આવેલ છે. |

## FORM–C

| આરોપીઓની વિગત | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| અ. નં. | આરોપીનું નામ | ધરપકડ તારીખ | જામીન મુકત તારીખ | તહોમત | નિર્દોષ છોડયા કે સજા | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયતનો સમય ગાળો ફો.કા.સંહિતા કલમ–૪૨૮ મુજબ |
| ૧ | પ્રકાશભાઈ પ્રવીણચંદ્રભાઈ સંઘવી | ૧૨/૦૨/૨૩ | ૧૨/૦૨/૨૩ | ઈ.પી.કો.ક–૩૨૩, ૫૦૪, ૫૦૬ (૨) તથા ૧૧૪ મુજબ | સજા | આખરી હુકમ મુજબ | – |
| ૨ | નિશાંતભાઈ S/o પ્રકાશભાઈ પ્રવીણચંદ્રભાઈ સંઘવી | ૧૨/૦૨/૨૩ | ૧૨/૦૨/૨૩ | | સજા | આખરી હુકમ મુજબ | – |

## FORM–D

## ફરિયાદપક્ષ/બચાવપક્ષ/અદાલતપક્ષના સાક્ષીઓની યાદી

### (અ) ફરિયાદપક્ષના સાક્ષીઓની યાદી

| અનુક્રમ | સાહેદનું નામ | આંક | સાહેદનો પ્રકાર |
|---|---|---|---|
| PW-1 | બિનાબેન તુષારભાઈ ચંદુરા | ૧૨ | ફરિયાદી |
| PW-2 | મહાસુખ શાંતીલાલ ચંદુરા | ૧૪ | સાહેદ |

| | | | |
|---|---|---|---|
| PW-3 | દિવ્યભાઈ આનંદભાઈ બાબરીયા | ૧૫ | પંચ સાહેદ |
| PW-4 | ચિંતનભાઈ પ્રતાપભાઈ દેસાઈ | ૧૭ | સાહેદ |
| PW-5 | અવની અજીતભાઈ ભણસાલી | ૨૦ | સાહેદ |
| PW-6 | ડો. નિકિતા ધીરજલાલ પટેલ | ૨૨ | મેડી.ઓફીસર |
| PW-7 | શ્રીકાંત પ્રતાપભાઈ ચૌહાણ | ૩૦ | ત.ક.અ. |

**(બ) બચાવપક્ષના સાક્ષીઓની યાદી**

| અનુક્રમ | સાહેદનું નામ | આંક | સાહેદનો પ્રકાર |
|---|---|---|---|
| DW-1 | – | – | – |

**(ક) કોર્ટ સાક્ષીઓની યાદી**

| અનુક્રમ | સાહેદનું નામ | આંક | સાહેદનો પ્રકાર |
|---|---|---|---|
| CW-1 | – | – | – |

## ફરિયાદપક્ષ/બચાવપક્ષ/અદાલતાના દસ્તાવેજોના આંકની યાદી

**(અ) ફરિયાદપક્ષે રજુ દસ્તાવેજોના આંકની યાદી**

| અનુક્રમ | આંક | વર્ણન |
|---|---|---|
| ૧ | PD-13 | ફરિયાદ |
| ૨ | PD-16 | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| ૩ | PD-23 | એમ.એલ.સી. કેસ પેપર્સ |
| ૪ | PD-24 | એક્ષ–રે |
| ૫ | PD-25 | એમ.એલ.સી. સર્ટીફીકેટ |

**(અ) બચાવપક્ષે રજુ દસ્તાવેજોના આંકની યાદી**

| અનુક્રમ | દસ્તાવેજનો આંક | વર્ણન |
|---|---|---|
| ૧ | – | – |

(ક) અદાલતના દસ્તાવેજોના આંકની યાદી

| અનુક્રમ | દસ્તાવેજનો આંક | વર્ણન |
|---|---|---|
| ૧ | – | – |

(ડ) ભૌતિક પદાર્થ

| અનુક્રમ | ભૌતિક પદાર્થની યાદી | વર્ણન |
|---|---|---|
| ૧ | – | – |

## -: ચુ કા દો :-

(૧) ફરિયાદપક્ષના કેસની ટુંક વિગત એવી છે કે, તા.૩૦/૦૧/૨૦૨૩ ના રોજ કલાક ૧૮–૦૦ થી ૧૯/૦૦ વાગ્યાના સુમારે ફરિયાદી તથા સાહેદ મહાસુખભાઈનાઓ તેમના બાકી નિકળતા પૈસા લેવા માટે આરોપીઓના ઘરે ગયેલા હતા ત્યારે આરોપીઓ સાથે પૈસાની વાતચીત દરમિયાન ઉશ્કેરાઈ જઈ આરોપી પ્રકાશભાઈનાઓએ સાહેદ મહાસુખભાઈનાઓનો હાથ પકડી નીચે પાડી દઈ ઢીકમુકકીનો માર મારી તેમજ આરોપી નિશાંતભાઈનાઓએ ફરિયાદી બિનાબેનનાઓનો જમણો હાથ પકડી મચકોડી તેમજ આરોપી પ્રકાશભાઈનાઓએ ફરિયાદીના જમણા હાથમાં મારી નીચે પાડી ઈજા પહોંચાડી તેમજ જાનથી મારી નાંખવાની ધમકી આપી ગુનો કરેલ હોય, ફરિયાદીએ વિજલપોર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ જાહેર કરેલ.

(૨) ઉપરોક્ત ફરિયાદ અન્વયે વિજલપોર પોલીસ સ્ટેશન પાર્ટ–એ ગુ.ર.નં.૧૧૮૨૨૦૨૨૨૩૦૧૧૦/૨૦૨૩, ભારતીય દંડ સંહિતાની કલમ – ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તથા ૧૧૪ અન્વયેનો ગુનો નોંધી આગળની તપાસ કરી તપાસના અંતે ફોજદારી કાર્યરીતી સંહીતા કલમ–૧૭૩ અન્વયે

હાલના આરોપીઓ સામે ગુનાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરતા ઉપરોકત નંબરથી ફોજદારી કેસ રજીસ્ટરે નોંધી લઈ આરોપીઓ સામે સમન્સ કાઢવામાં આવેલ છે.

(૩) આરોપીઓને સમન્સની બજવણી થતા આરોપીઓ હાજર થતા તેને ફોજદારી કાર્યરીતી સંહીતા કલમ–૨૦૭ અન્વયે નકલો આપવામાં આવેલ અને તે બાદ આંક–૦૩ થી તહોમતનામું ફરમારી આંક–૦૪ તથા આંક–૦૫ થી આરોપીઓની પ્લી રેકર્ડ કરવામાં આવેલ તેમાં આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરતા તેઓની સામે આક્ષેપીત ગુનાની ટ્રાયલ ચલાવવામાં આવેલ અને ફરિયાદપક્ષનો પુરાવો રેકર્ડ કરવામાં આવેલ.

(૪) ઉપરોકત પુરાવો નોંધાયા બાદ ફરિયાદપક્ષ મૌખીક વિનંતીથી વધુ કોઈ પુરાવો રજુ કરવા માંગતા નથી તેવી રજુઆત કરતા તે મુજબ ફરિયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ ત્યારબાદ આરોપીઓનું ક્રિ. પ્રો. કોડની કલમ–૩૧૩ મુજબ વધારાનું નિવેદન નોંધવામાં આવેલ. જેમાં આરોપીઓએ જણાવેલ છે કે, ફરિયાદી અને તેમના સગા સંબંધીઓએ ભેગા મળી ખોટી રીતે નાણાં કઢાવવા માટે પ્રી પ્લાન યોજના હેઠળ ઉપજાવી કાઢેલ વિગતોના આધારે તદ્દન ખોટી ફરિયાદ આપી ખોટો પુરાવો રજુ કરેલ છે. તેઓ તદ્દન નિર્દોષ વ્યકિત છે અને ત.ક.અ. ધ્વારા હાલનું ખોટુ ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૫) ત્યારબાદ ફરિયાદપક્ષે વિ. એ.પી.પી.શ્રીએ તેમની દલીલમાં જણાવેલ છે કે, આ કામના ફરિયાદી બીનાબેન તુષારભાઈ તથા સાહેદ મહાસુખ શાંતીલાલભાઈ નાઓએ કોર્ટ રૂબરુ તેમની જુબાનીમાં ફરિયાદપક્ષના કેસને પુરેપુરુ સમર્થન આપેલ છે. આરોપીઓએ એકસંપ થઈ ફરિયાદી

તથા સાહેદને માર મારેલ હોવાનું રેકર્ડ ઉપર નિ:શંક પણે પુરવાર થયેલ છે. તેમજ મેડીકલ ઓફીસર નીકીતા ધિરજલાલ પટેલની જુબાની તથા ઈજાપામનાર ફરિયાદી બીનાબેનનું મેડીકલ સર્ટીફીકેટથી ફરિયાદીને ઈજા થયેલ હોવાની હકીકત પણ પુરવાર થયેલ છે જેથી આરોપીને તકસીરવાન ઠરાવવા અરજ કરેલ છે.

(૬) આરોપીપક્ષે વિ. વ.શ્રી.એ તેમની દલીલમાં જણાવેલ છે કે, હાલની આ ફરિયાદ બાર દિવસ મોડી આપવામાં આવેલ છે જે ફરિયાદ વિલંબથી આપવા માટે ફરિયાદીએ કોઈ કારણ જણાવેલ નથી. ફરિયાદીના કહેવા મુજબ તેઓએ તા. ૩૦/૧/૨૦૨૩ ના રોજ લેખિતમાં ફરિયાદ આપેલ હતી જે ફરિયાદ હાલના કામે રજુ થયેલ નથી. જેથી પણ સમગ્ર બનાવ શંકાસ્પદ છે. વધુમાં ફરિયાદીએ તેમની ઉલટ તપાસમાં એવી હકીકત જણાવેલ છે કે, તેઓ પોલીસ યાદી લઈને સારવાર માટે ગયેલ હતા ત્યારે ડોકટર તેમની જુબાનીમાં જણાવે છે કે, દર્દી પોલીસ યાદી વગર આવેલા હતા. વધુમાં આરોપીના વિ.વ.શ્રી તેમની દલીલમાં જણાવેલ છે કે, સમગ્ર બનાવ રૂપિયા પંચોતેર લાખની લેણી રકમ ફરિયાદીએ આરોપી પાસેથી લેવાની હોય તે માટે થયેલ હતુ પરંતુ ફરિયાદી આટલી મોટી રકમ કયા કારણસર આરોપીને આપેલ તે અંગે કોઈ સ્પષ્ટતા થયેલ નથી. તેમજ આટલી મોટી રકમ આપવા માટે ફરિયાદી આર્થિક રીતે સક્ષમ હતા કે કેમ, તેનો પણ કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ નથી. જેથી આ કામના આરોપીઓને હાલના કેસમાં શંકાનો લાભ આપી છોડી મુકવા અરજ કરેલ છે.

(૭) ઉપરોકત હકીકતે આ કેસના આખરી ન્યાયીક નિર્ણય અર્થે અદાલત સમક્ષ નીચે મુજબના મુદૃા ઉપસ્થિત થયેલ છે.

**::– મુ દ્દા ઓ –::**

(૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૩૦/૦૧ /૨૦૨૩ ના રોજ કલાક ૧૮–૦૦ થી ૧૯/૦૦ વાગ્યાના સુમારે ફરિયાદી તથા સાહેદ મહાસુખભાઈનાઓ તેમના બાકી નિકળતા પૈસા લેવા માટે આરોપીઓના ઘરે ગયેલા હતા ત્યારે આરોપીઓ સાથે પૈસાની વાતચીત દરમિયાન ઉશ્કેરાઈ જઈ આરોપી પ્રકાશભાઈનાઓએ સાહેદ મહાસુખભાઈનાઓનો હાથ પકડી નીચે પાડી દઈ ઢીકમુકકીનો માર મારી તેમજ આરોપી નિશાંતભાઈનાઓએ ફરિયાદી બિનાબેનનાઓનો જમણો હાથ પકડી મચકોડી તેમજ આરોપી પ્રકાશભાઈ નાઓએ ફરિયાદીના જમણા હાથમાં મારી નીચે પાડી ઈજા પહોંચાડી તેમજ જાનથી મારી નાંખવાની ધમકી આપી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તથા ૧૧૪ મુજબનો ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૮) ઉપરોકત મુદ્દા અંગેના અદાલતના નિર્ણયો નીચે મુજબ છે.**

(૧) મુદ્દા નંબર –૧, અંશત:હકારમાં

(૨) મુદ્દા નંબર –૨ , આખરી હુકમ મુજબ

**(૯) નિર્ણય અંગેના કારણોની ચર્ચા.**

અદાલતે ફોજદારી કેસના ન્યાયીક નિર્ણય માટે પુરાવાનું પૃથ્થકરણ તથા મુલ્યાંકન કરતી વખતે નામદાર સર્વોચ્ચ અદાલતના **કે. એમ. નાણાંવટી વિરુધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર, AIR 1962, SC,605 માં** રીપોર્ટ

ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ નીચે મુજબના મુદ્દા અદાલતે ઘ્યાને લેવા ના રહે છે.

(એ) ફરિયાદપક્ષે આરોપી પર મુકેલ આરોપ નિ:શંકપણે સાબિત કરવાના રહે છે.

(બી) સમગ્ર ટ્રાયલ દરમિયાન પુરાવાનો બોજો શરૂઆતથી અંત સુધી ફરિયાદપક્ષ ઉપર રહેલ છે.

(સી) આરોપીનું આક્ષેપવાળા કૃત્યમાં દુષિત માનસ હતુ તે હકીકત પણ ફરિયાદપક્ષે પુરવાર કરવાની રહે છે.

(ડી) અપવાદરૂપ સંજોગોનું અસ્તિત્વ ન હતુ તેવું અદાલતે અનુમાન કરવાનું રહે છે.

(ઈ) પોતાનું કૃત્ય સામાન્ય, વિશિષ્ટ અપવાદના વ્યાપ મુજબનું છે તે અથવા તો તેવા સંજોગોમાં અસ્તિત્વ હતુ તે સાબીત કરવાનો બોજો આરોપી ઉપર રહે છે.

(એફ) આરોપીએ સદર બોજો વહન કરવા જાતે જુબાની આપી છે કે બચાવમાં સાક્ષી તપાસ શકે છે અથવા ફરિયાદપક્ષે રજુ કરેલા પુરવા ઉપરથી પોતાના પરના આરોપોનું ખંડન કરતી હકીકતો કે શંકા ઉપજાવતા સંજોગોઆધારે પોતાનો બચાવ કરી શકે છે.

(જી) આરોપીએ પોતાના બચાવ સંભવિતાના બાહુતુલ્યના આધારે કરવાના રહે છે.

**(૧૦)** સદર કામે ઉપરોકત ચર્ચા મુજબ ફોજદારી કેસની કાર્યવાહી સમયે ફરિયાદપક્ષે ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ મુજબ beyond reasonable doubt એટલે કે શંકાથી પર પોતાનો

કેસ સાબિત કરવાનો રહે છે એટલે કે બીજા શબ્દોમાં કહીએ તો જયારે સીધો પુરાવો મળેલ ન હોય તો સાંયોગીક પુરાવાઓ એકબીજા સાથે સંકળાયેલ હોય તો જ આરોપી સામેનો ગુનો સાબિત થયેલો ગણાય અને તોજ આરોપીને સજા કરી શકાય, આરોપીએ તે માત્ર "Probebility & Possibility" એટલે કે સંભવિતતા અને શકયતા રેકર્ડ પર લાવવાની હોય છે સદરહુ કામે એ નોંધવાનું રહે છે કે, કાયદાનું કાયદાનું અર્થઘટન એટલે કે ખુલાસો કરતા સમયે સામેની વ્યકિત સમજી શકે તેવી રીતે જણાવવું જોઈએ અને તેવી ભાષામાં કહેવું જોઈએ એટલે કે, "inter foretarn at concordared lages legibus est. optimus inter foretandimous" કાયદાનું અર્થઘટન સુમેળ ભર્યા રીતે કરવાનું રહે છે.

**(૧૧)** ફરિયાદપક્ષે સાહેદ નં.૧ **ફરિયાદી બિનાબેન તુષારભાઈ ચંદુરા** તેઓની **આંક–૧૨** થી રજુ મૌખિક પુરાવાની સરતપાસમાં જણાવે છે કે, તેમના પરિવારમાં તેઓ, તેમના પતિ, તેમના બે બાળકો સાસુ સસરા, દિયર, દેરાણી વિગેરે છે. આરોપી પ્રકાશભાઈ તેમના સગા કાકાના દિકરા થાય છે અને નિશાંતભાઈ એ તેમના દિકરો થાય છે. તા.૩૦/૦૧/૨૦૨૩ ના રોજ તેમને તેમના ભાઈ આરોપી પ્રકાશભાઈ પાસેથી ૭૫,૦૦,૦૦૦/– રૂપિયા લેવાના થતા હોય તે સંબંધે પ્રકાશભાઈના ઘરે મેઘ મલ્હાર સોસાયટી નવસારી ખાતે મિટીંગ રાખેલી હોય તેઓ તેમના સાસુ સસરા અને તેમના માસી સાસુ તેમજ તેમના મમ્મી પપ્પા બપોરના ૩–૦૦ વાગ્યાના અરસામાં પ્રકાશભાઈના ઘરે ગયેલા. પ્રકાશભાઈ ના ઘરે ગયા બાદ નાંણાકીય લેવડ દેવડ બાબતે વિચાર વિમર્શ થયેલો અને પ્રકાશભાઈ એ તેમને તેમની લેણી રકમ આપવાની સ્પષ્ટ ના પાડેલી જેથી તેઓ તેમના ઘરની બહાર પેસેજમાં પોણા છ થી છ વાગ્યા સુધી બેસેલા હતા આ વખતે છ વાગે પ્રકાશભાઈના

ભાઈ દિલિપભાઈ અને તેમના પત્ની જાગૃતીબેન તેમને બોલાવવા આવેલા અને કહેલ કે ''તમો વેવાઈ થાવ છો બહાર બેસો તે સારૂ ના લાગે'' તેમ કહી તેમને ઘરમાં બોલાવેલા. તેઓ ઘરમાં ગયા બાદ ફરીથી પૈસા અંગે ચર્ચા વિચારણા થયેલી આ વખતે પ્રકાશભાઈએ તેમના સસરા મહાસુખભાઈનો હાથ મચકોડી પાછળથી બરડાના ભાગે મુકકો મારી નીચે પાડી દિધેલા. આ વખતે તેઓ વિડીયો ઉતારતી હતી ત્યારે પ્રકાશભાઈનો દિકરો નિશાંત આવીને તેમનો મોબાઈલ ખેંચી લીધેલ અને પ્રકાશભાઈ એ તેમનો જમણો હાથ પકડીને મચકોડી તેમના હાથ ઉપર મુકકા મારવા લાગેલ. તેમણે ૧૦૦ નંબર ઉપર ડાયલ કરી પોલિસને જાણ કરેલી અને અંદાજીત દસ પંદર મિનિટમાં પોલીસ ત્યાં આવી ગયેલ. આ વખતે પ્રકાશભાઈએ તેમને જાનથી મારી નાંખવાની ધમકી પણ આપેલ હતી. બનાવ વખતે પ્રકાશભાઈ અને તેમનો દિકરો તેમની સાથે ગાળાગાળી કરતા હતા. પોલીસની ગાડીમાં તેઓ વિજલપોર પોલીસ સ્ટેશને ગયેલા. ત્યાં આગળ તેમને વિગતવારની હકીકત જણાવેલી. ત્યારબાદ તેમને નવસારી સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરેલા અને બીજા દિવસે તા. ૩૧/૦૧/૨૦૨૩ ના રોજ સાંજના તેમના સસરા મહાસુખભાઈને બ્લડ પ્રેશર હાઈ થતા સુરત બી.એ.પી.એસ. હોસ્પિટલમાં દાખલ કરેલા અને તેઓને તા. ૦૨/૦૨/૨૦૨૩ ના રોજ ડિસ્ચાર્જ કરેલા. તેમની અને તેમના સસરાની તબિયત સારી ન હોવાના કારણે થોડા દિવસ કંઈ વિચારેલ નહી અને તબિયત સારી થતા તા. ૧૨/૦૨/૨૦૨૩ ના રોજ નવસારી વિજલપોર પોલિસ સ્ટેશનમાં હાજર થઈ ફરિયાદ આપેલી. તે ફરિયાદ તેમને બતાવવામાં આવતા તેમાં તેમની સહી છે જે **આંક–૧૩** થી રજુ કરેલ છે. આરોપીને તેમણે કોર્ટ રૂબરુ ઓળખી બતાવેલ છે.

**(૧૨)** ફરિયાદપક્ષે **આંક–૧૪ થી સાહેદ મહાસુખ શાંતીલાલ ચંદુરા**

તેઓની મૌખિક પુરાવાની સરતપાસમાં જણાવે છે કે, તેઓ હાલ સુરત ખાતે રહે છે અને નોકરી કરી તેમના પરિવારનું ગુજરાન ચલાવે છે. ફરિયાદી બીનાબેન તેમના દિકરાની પત્ની થાય છે. તા.૩૦/૦૧/૨૦૨૩ ના રોજ બપોરે ત્રણ વાગ્યે તેમને પ્રકાશભાઈ પાસેથી રૂા.૭૫-લાખ લેવાના હતા તે માટે પ્રકાશભાઈએ તેમના ઘરે બોલાવેલ હતા. તેઓ તેમની પત્ની નિર્મળા બેન, બીનાબેન, વનિતા ઉર્ફે અવનિબેન, રમેશભાઈ તેના પત્ની કમલાબેન બધા ભેગા નવસારી ખાતે મેઘમલ્હાર એપાર્ટમેન્ટના ચોથા માળે પ્રકાશભાઈ પ્રવિણભાઈ સંઘવીના ઘરે ગયેલા અને તેમણે પ્રકાશભાઈને પૈસા બાબતે વાતચિત કરતા પ્રકાશભાઈ ઉશ્કેરાઈ ગયેલા અને તેમને ગમેતેમ બોલવા લાગેલા અને ધમકી આપેલ કે બીજી વખત આવશો તો મારી નાંખીશ જેથી તેઓ બહાર પેસેજમાં જતા રહેલા અને ત્યાં બે-થી અઢી કલાક બેસેલ હતા. અંદાજીત પાંચથી સાડાપાંચની આસપાસ પ્રકાશભાઈ ના પત્નીએ તેઓને કહેલ કે ''તમો બહાર બેસો તે સારુ ન લાગે તમો અંદર આવતા રહો'' જેથી તેઓ અંદર ગયેલ અને છ વાગ્યાની આસપાસ તેઓ પૈસા માટેની વાતચીત કરતા પ્રકાશભાઈ અને તેમનો દિકરો નિશાંતનાઓ ઉશ્કેરાઈ ગયેલ અને પ્રકાશભાઈએ તેમને મારમારવાનું ચાલુ કરેલ જયારે કે નિશાંતે બીનાને માર મારવાનું ચાલુ કરેલ. પ્રકાશભાઈએ તેમને પાછળ પીઠમાં ઢીકમુકકીનો માર મારેલ અને પાડી દીધેલ હતો તેમજ નિશાંતે બીનાને પકડી રાખી મારમારવાનું ચાલુ કરેલ અને બીના મોબાઈલમાં વિડીયો રેકોડીંગ કરતી હોય તેનો હાથ મચકોળી નાંખેલ <u>ત્યારબાદ તેઓ બહાર નિકળી ગયેલ પરંતુ બીનાને છોડેલ નહી અને તેણીએ બચાવ બચાવની બુમો પાડતા તેઓ બીનાને છોડાવા ગયેલા જેથી ત્યાં પ્રકાશભાઈએ તેમને પાછો હાથ પકડી તેમને સોફાપર પછાડેલ</u> અને નિશાંતે બીનાનો મોબાઈલ તોડી નાંખી લઈ લીધેલ

હતો જેથી તેમની સાથે આવેલ કમલેશભાઈના ઘરેથી કોઈએ ૧૦૧ ને ફોન કરેલ અને પોલીસ આવતા તેમને વિજલપોર પોલીસ સ્ટેશન લઈ ગયેલ અને ત્યાંથી બીનાને તેનો ફોઈનો છોકરો હોસ્પીટલ લઈ ગયેલ અને બીનાને સારવાર કરાવી બીજા દિવસે રજા આપેલ. આ બનાવ બન્યો ત્યારે પ્રકાશભાઈ તથા નિશાંત ગાળો આપી એવુ બોલતા હતા કે બીજી વાર આવશો તો જાનથી મારી નાંખીશુ. બનાવ અંગેની ફરિયાદ બીનાબેનનાએ આપેલ અને પોલીસે તેમનો જવાબ લીધેલ. આરોપીઓ કોર્ટમાં હાજર હોય ઓળખી બતાવે છે.

(૧૩) ફરિયાદપક્ષે પંચ સાહેદ **દિવ્યભાઈ આનંદભાઈ બાબરીયા**ને **આંક–૧૫** થી તથા પંચ સાહેદ **ચિંતનભાઈ પ્રતાપભાઈ દેસાઈને આંક– ૧૭** થી તપાસવામાં આવેલ છે. સદર બંને પંચ સાહેદોએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, વિજલપોર પોલીસે તેમને તા.૧૨/૦૨/૨૦૨૩ ના રોજ સાંજે ૪–૦૦ વાગ્યાની આસપાસ મેઘ મલ્હાર એપાર્ટમેન્ટ ખાતે બોલાવેલા. પોલીસે તેમની હાજરીમાં ત્યાં પંચનામું કરેલુ. આ પંચનામું જગ્યા બાબતનું હતુ. આ પંચનામા વાળી જગ્યા મેઘ મલ્હાર એપાર્ટમેન્ટ ખાતે એ–૪૦૨ વાળી જગ્યા હતી. પોલીસે તેમની હાજરીમાં બધી રૂમો ચેક કરેલી, સરસામાન ચેક કરેલો અને તે બાબતે વિગતવારનું પંચનામું કરેલુ. આ ફલેટ નં.–૪૦૨ ચોથા માળે આવેલો હતો. પોલીસે પંચનામું કર્યા બાદ એ પંચનામા પર તેમની સહી કરાવેલી. તેમને અસલ પંચનામું બતાવવામાં આવતા તે જોઈને તેઓ કહે છે કે તેમાં પંચ નં.૧ અને પંચ નં. ૨ તરીકે તેમની સહી છે જે **આંક–૧૬** થી રજુ કરેલ છે.

(૧૪) ફરિયાદપક્ષે **આંક–૨૦ થી સાહેદ અવની અજિતભાઈ ભણશાલી**

તેઓની મૌખિક પુરાવાની સરતપાસમાં જણાવે છે કે, તેમના પરિવારામાં તેઓ, તેમના પતિ, તેમના બાળકો તથા સાસુ વિગેરે છે. આરોપી પ્રકાશભાઈ તેમના બનેવી થતા હોય તેમને તેઓ ઓળખે છે અને નિશાંતભાઈ એ તેમના દિકરો થાય છે. તા. ૩૧/૦૧/૨૦૨૩ ના રોજ તેઓ તથા તેમના બનેવી મહાસુખભાઈ, બીનાબેનનાઓ સાથે તેમના બીજા બનેવી આરોપી પ્રકાશભાઈ પાસેથી ૭૫,૦૦,૦૦૦/– રૂપિયા લેવાના થતા હોય તે સંબંધે પ્રકાશભાઈના ઘરે મેઘ મલ્હાર એપાર્ટમેન્ટ નવસારી ખાતે બપોરના ૩–૦૦ વાગ્યાના અરસામાં ગયેલા. પ્રકાશભાઈના ઘરે ગયા બાદ નાંણાકીય લેવડ દેવડ બાબતે મહાસુખભાઈ તથા પ્રકાશભાઈ વચ્ચે વાતચીત થયેલી. આ વખતે બહુ બોલાચાલી થતા તેઓ બહાર પેસેજમાં બેસી ગયેલા. આ વખતે છ વાગે પ્રકાશભાઈના ભાઈ અને તેમના પત્ની જાગૃતીબેન તેમને બોલાવેલા આવેલા અને કહેલ કે તમો વેવાઈ થાવ છો બહાર બેસો તે સારૂ ના લાગે તેમ કહી તેમને ઘરમાં બોલાવેલા. તેઓ ઘરમાં ગયા બાદ ફરીથી પૈસા અંગે ચર્ચા વિચારણા થયેલી આ વખતે પ્રકાશભાઈએ મહાસુખભાઈનો બાવડાના ભાગે ઢીકાપાટુનો માર મારી નીચે પાડી દિધેલા. આ વખતે બીનાબેન વિડીયો ઉતારતી હતી ત્યારે પ્રકાશભાઈનો દિકરો નિશાંત આવીને બીનાબેનનો મોબાઈલ ખેંચી લીધેલ અને પ્રકાશભાઈએ બીનાબેના જમણો હાથ પર મારેલુ. ત્યારબાદ તેમના બનેવી બીનાબેનને સરકારી હોસ્પીટલમાં લઈ ગયેલા અને ત્યાં બીનાબેનને બીજા દિવસે ત્રણ વાગે રજા આપેલ. તા. ૩૧/૦૧ /૨૦૨૩ ના રોજ સાંજના મહાસુખભાઈને બ્લડ પ્રેશર હાઈ થતા સુરત બી.એ.પી.એ.એસ. હોસ્પિટલમાં દાખલ કરેલા અને તેઓને તા. ૦૨/૦૨/૨૦૨૩ ના રોજ ડિસ્ચાર્જ કરેલા. તા. ૧૨/૦૨/૨૦૨૩ ના રોજ ફરિયાદ નોંધવાની કાર્યવાહી કરેલી. આ કામે પોલીસે તેમનો જવાબ લીધેલો.

આરોપી નામદાર કોર્ટમાં હાજર હોય તેઓ ઓળખી બતાવે છે.

(૧૫) ફરિયાદપક્ષે **આંક–૨૨ થી મેડી.ઓ.શ્રી નિકિતા ધીરજલાલ પટેલ** તેઓની મૌખિક પુરાવાની સરતપાસમાં જણાવે છે કે, તા.૩૦/૦૧/૨૦૨૩ ના રોજ રાત્રીના ૦૮–૪૫ વાગ્યે તેઓ મેડીકલ ઓફીસર તરીકે સીવીલ હોસ્પીટલ, નવસારીમાં ઈમરજન્સી વિભાગમાં ફરજ પર હતા. આ વખતે દર્દી બીનાબેન તુષારભાઈ ચંદુરાઓને તેમના પિતરાઈ હિતેશભાઈનાઓ પોલીસ યાદી વગર સારવાર માટે લાવેલ હતા. સદર દર્દીને પુછતા જણાવેલ કે, ''તા.૩૦/૦૧/૨૦૨૩ ના રોજ રાત્રે ૮ વાગ્યે મારામારી દરમિયાન તેમના હાથમાં ઈજા થયેલ છે. '' તેમને વધુ પુછતા જણાવેલ કે, ''તેમને માણેકલાલ રોડ, મેઘ મલ્હાર એપાર્ટમેન્ટમાં બાપ–દિકરાએ મારામારી દરમિયાન આ ઈજા પહોંચાડેલ છે.'' ત્યારબાદ તેઓની તપાસ કરતા બી. પી., પલ્સ વિગરે સામાન્ય હતુ અને તે સંપુર્ણ સભાન અવસ્થામાં હતા. તેમને શારીરિક તપાસ કરતા નીચે મુજબની ઈજાઓ માલુમ પડેલ.

ઈજા નં.૧– જમણા હાથમાં કોણીથી નિચેના ભાગે સોજો હતો અને મુઢમારની ઈજા હતી. ઈજા નં. ૨– જમણા હાથમાં હથેળીના ઉપરના ભાગે અનિયમિત પાંચ થી છ સે.મી. લાંબા ઘસરકાના નિશાન હતા જેમાંથી થોડુ લોહી નિકળતુ હતુ.

સદર દર્દીને દાખલ કરી જરૂરી એક્ષ–રે રીપોર્ટ મેળવી તા.૩૧ /૦૧/૨૦૨૩ ના રોજ બપોરે ૦૧–૪૫ વાગ્યે ડિસ્ચાર્જ અગેઈન મેડીકલ એડવાઈઝની નોંધ સાથે રજા આપવામાં આવેલ. તેઓને થયેલ ઈજા સાદા પ્રકારની હતી જે દસ થી બાર દિવસમાં સાજી થઈ શકે તેવી હતી. થયેલ ઈજાઓ બોથડ પદાર્થથી થઈ શકે તેવી હતી. તેઓ સદર દર્દીના એમ.એલ.સી. કેસ પેપર અસલ તથા એક્ષ–રે રીપોર્ટ લાવેલ છે જે તેઓ

અનુક્રમે **આંક–૨૩** અને **આંક–૨૪** થી રજુ કરેલ છે. તથા આ કામે દર્દીને ઈજાઓ બાબતે તા. ૩૧/૦૧/૨૦૨૩ ના રોજ એમ.એલ.સી. સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવેલ હતુ જે અસલમાં તેમની સહી છે તે ઓળખી બતાવી એમ.એલ. સી. **આંક–૨૫** થી રજુ કરેલ છે.

**(૧૬)** ફરિયાદપક્ષે **આંક–૩૦ થી તપાસ કરનાર અમલદાર શ્રીકાંત પ્રતાપભાઈ ચૌહાણ** તેઓની મૌખિક પુરાવાની સરતપાસમાં જણાવે છે કે, તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, સને ૨૦૨૩ માં તેઓ પી.એસ.આઈ. તરીકે વિજલપોર પો.સ્ટે. ખાતે ફરજ બજાવતા હતા. દરમ્યાન તા.૧૨/૨/૨૦૨૩ ના રોજ ફરિયાદી શ્રી બીનાબેન તૃષારભાઈ ચંદુરા નાઓએ વિજલપોર પો.સ્ટે. I ગુ.ર.નં.૧૧૦/૨૩ ઈ.પી.કો.કલમ ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તથા ૧૧૪ મુજબની વિગતવારની ફરિયાદ પી.એસ.ઓ. રૂબરૂ જાહેર કરતા ફરિયાદીની ફરિયાદ પી.એસ.ઓ.શ્રી એ નોંધી લઈ આગળની તપાસ તેમને સુપ્રત કરતા તેમણે તપાસ સંભાળેલી. તપાસના કામે ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરી આરોપીઓની અટક કરેલી. તેમજ લાગતા વળગતા સાહેદોના નીવેદનો લીધેલા. વધુમાં તપાસના કામે સાહેદને ઈજા થયેલ હોય તે બાબતે મેડીકલ પેપર્સ મેળવેલા. ત્યારબાદ તમામ કાગળોનો અભ્યાસ કરતા હાલના આરોપીઓ વિરુધ્ધ ના.કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલુ. આ કામના આરોપીઓને તેઓ ઓળખે છે જે પૈકી આરોપી નં. ૧ ના.કોર્ટમાં હાજર છે તે તેજ છે તથા આરોપી નં.૨ હાજર નથી જેની બચાવ પક્ષે ઓળખની તકરાર નથી.

## –: <u>પુરાવાનું મુલ્યાંકન અને વિશ્લેષણ</u> :–

**(૧૭)** હાલના કામે ફરિયાદપક્ષે આરોપીની સામે ઈ.પી.કોડની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબનો ગુનો કર્યાનો આક્ષેપ છે. આ કામના

આરોપી સામે ફરિયાદીએ ઈ.પી.કો. કલમ– ૫૦૪ તથા ૫૦૬(૨) મુજબના આક્ષેપો કરેલ છે તે અંગે કાયદાની જોગવાઈઓ સાથે પડેલ પુરાવો ધ્યાને લઈએ તો તે નીચે મુજબ છે. ફરિયાદીનાં કેસ મુજબ આ કામના આરોપીએ ફરિયાદીને ગાળો આપેલાનો આક્ષેપ છે જે મુજબ આઈ.પી.સી.ની કલમ ૫૦૪ વંચાણે લઈએ તો,

***<u>ઈન્ડીયન પીનલ કોડની કલમ ૫૦૪:</u>***

હવે સર્વપ્રથમ ઈ.પી.કો. કલમ–૫૦૪ ધ્યાને લઈએ તો તેના આવશ્યક તત્વો નીચે મુજબ નીચે મુજબ છે.

(૧) કોઈ વ્યક્તિનો ઈરાદાપુર્વક અપમાન કરવો અને તેથી તેને ઉશ્કેરાટ પેદા કરવો.

(૨) અપમાન કરનારે એવો ઈરાદો કર્યો હોવો જોઈએ અથવા તે એમ જાણતો હોય કે આવી ઉશ્કેરણી તેને જાહેર શાંતિનો ભંગ કરવાને પ્રેરશે અથવા અન્ય કોઈ અપરાધ કરવાને પ્રેરશે એવી શક્યતા છે.

ફરિયાદીનાં કેસ મુજબ આરોપીએ ફરિયાદીને ગાળો આપેલ, પરંતુ ફરિયાદપક્ષે જો ઈ.પી. કોડની કલમ–૫૦૪ અન્વયેનો વ્યાજબી શંકાથી પર પુરવાર કરવો હોય તો આરોપીએ કયા પ્રકારની ગાળો આપી તે અંગેનાં અસલ શબ્દો રેકર્ડ પર આવવા જરૂરી છે. માત્ર ગાળો આપી તેટલું રેકર્ડ પર લાવવાથી ઈન્ડીયન પીનલ કોડની કલમ–૫૦૪ નો ગુન્હો પુરવાર થતો નથી. નામ. ગુજરાત હાઈકોર્ટે તેમનાં ચૂકાદા ***પ્રવિણભાઈ બેચરદાસ વણકર અને બીજાઓ વિ. સ્ટેટ ઓફ ગુજરાત, ૨૦૦૭(૧), જી.એલ.એચ. ૩૩૭*** માં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ ભારતીય ફોજદારી ધારાની કલમ–૫૦૪ માં લખ્યા પ્રમાણે અપમાન માત્ર ઈરાદાપૂર્વકનું જ નહીં, પરંતુ અપમાનીત વ્યકિતને જાહેર શાંતિનો ભંગ કરવા અથવા અન્ય ગુન્હો કરવા ઉશ્કેરણી કરતું હોવું જોઈએ તેમજ તેનાં અસલ શબ્દો રેકર્ડ પર આવે નહીં ત્યાં સુધી એવું

ઠરાવવું શકય નથી કે,આ પ્રમાણેનો ગુન્હો આચરવામાં આવેલો છે. જેથી હાલનાં કામે આરોપીએ ફરિયાદીને બનાવ સમયે શું ગાળો આપેલી, તે ગાળોના શબ્દો શું હતાં અને તેનાં પરિણામે ફરિયાદી સુલેહ–શાંતિનો ભંગ કરવા ઉશ્કેરાયેલાં કે કેમ ? તેવો લેશમાત્ર પુરાવો રેકર્ડ પર આવતો નથી. જેથી હાલના આરોપીને ઈ.પી.કો. કલમ–૫૦૪ હેઠળ તકસીરવાન ઠરાવી શકાય નહી.

***ઈન્ડીયન પીનલ કોડની કલમ ૫૦૬(૨):***

ત્યારબાદ આ કામના આરોપીઓ વિરૂધ્ધ ઈ.પી.કો કલમ–૫૦૬(૨) ધ્યાને લઈએ તો તેમા ગુનાહિત ધમકી માટેની શિક્ષાની જોગવાઈ કરવામા આવેલ છે. ગુનાહિત ધમકી ની વ્યાખ્યા ઈ.પી.કો. કલમ–૫૦૩ મા આપવામા આવેલ છે અને તે મુજબ ઈ.પી.કો. કલમ–૫૦૬(૨) ના આવશ્યક તત્વો નીચે મુજબ છે.

(૧) ધમકી ઈરાદા સાથેની હોવી જોઈએ,

(૨) તે વ્યક્તિમા ડર ઉત્પન્ન કરવા માટે , અથવા

(૩) આવી ધમકીનો અમલ થતો રાખવા માટે તેની પાસે એવુ કાર્ય કરાવવુ જે કરવાને માટે તે કાયદેસર રીતે બંધાયેલો નથી, અથવા

(૪) આવી ધમકીનો અમલ થતો રાખવા માટે તેની પાસે એવો કાર્યલોપ કરાવવો કે જે કાર્ય કરવાનો તેને પોતાને અધીકાર છે.

ફરિયાદપક્ષે એવો આક્ષેપ કરેલ છે કે, આરોપીએ ફરિયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપેલ છે. ઈન્ડીયન પીનલ કોડની કલમ ૫૦૬(૨) વંચાણે લઈએ તો, તે મુજબનો ગુન્હો પુરવાર કરવા માટે એવું પુરવાર કરવું જરૂરી છે કે, આરોપીએ ફરિયાદીને કોઈ ગુન્હાહીત ધમકી કે, મહાવ્યથા કરવાની ધમકી આપી હોય માત્ર બનાવ વખતે ઉશ્કેરાઈ જઈને આરોપીએ આવા શબ્દો કહેલા હોય તો તેના આધારે ઈન્ડીયન પીનલ કોડની કલમ ૫૦૬(૨) મુજબનો ગુન્હો બને છે તેવું ઠરાવી શકાય નહી. આ

કામે ફરિયાદપક્ષે તપાસેલ ફરિયાદીની જુબાની ધ્યાને લેવામા આવે તો ફરિયાદી ને આરોપીઓ દવારા ધમકી આપેલ હોય તેવુ પોતાના પુરાવામાં જણાવે છે પરંતુ ફરિયાદી દવારા ફરિયાદ કર્યા બાદ કોઈ રક્ષણ માંગતી અરજી પોલીસને કરેલ હોય તેવુ રેકર્ડ પર આવવા પામેલ નથી. આમ, આરોપીઓની આવી ધમકીને કારણે ફરિયાદીને મૃત્યુનો ભય થયો હોય અથવા ફરિયાદીના રોજીંદા કાર્યક્રમ કે વ્યવહારમાં કે કામકાજમાં કોઈ અવરોધ ઉભો થયો હોય તેવું જણાતું નથી. આમ, આરોપીઓએ આપેલી કહેવાતી ધમકીથી ફરિયાદીને કોઈ માનસીક અસર થઈ હોય અને ફરિયાદીને તાત્કાલીક કોઈ ભય ઉભો થયો હોય, તેમ પણ જણાતું નથી. આ કામે પડેલા પુરાવાને ધ્યાને લેવામા આવે તો, ફરિયાદીને ભય ઉભો થયેલ હોવાનું લાગતું હોય તેવું દર્શાવવા કોઈ પણ ભય અથવા ડરની સ્પષ્ટ ગેરહાજરી દર્શાવે છે. આ કામે એવો પુરાવો નથી કે ધમકીના કારણે ફરિયાદી ફરિયાદ નોંધાવ્યા પછી કોઈ પણ સમયે તે પોતાની ફરજો કે રોજીંદી જીંદગી જીવવા માટે શકિતમાન ન હોય, આરોપીઓ ધ્વારા અપાયેલ ધમકીથી ફરિયાદી ને કોઈ ભયની ચેતવણી મળેલ નથી. જેથી આઈ.પી.સી. કલમ–૫૦૬(૨) મુજબનો ગુન્હો સાબિત થતો નથી.

**(૧૮)** આ કામના આરોપી સામે ઈ.પી.કો. કલમ–૩૨૩ હેઠળ ગુનો કરેલ હોવાના આક્ષેપ છે. જેની કાયદાની જોગવાઈ નીચે મુજબ છે.

***ઈન્ડીયન પીનલ કોડની કલમ ૩૨૩:***

**(૧૯)** ત્યારબાદ ઈ.પી.કોડની કલમ ૩૨૩ ધ્યાનેએ તો તેના આવશ્યક તત્વો નીચે મુજબ છે.

ભારતીય ફોજદારી ધારાની કલમ ૩૨૩ મુજબનો સ્વેચ્છાપૂર્વક

વ્યથા કરવાના શિક્ષાપાત્ર ગુનાને સાબિત કરવા ફરિયાદપક્ષે નીચે મુજબની બાબતો સાબીત કરવી જરૂરી છે.

૧. આરોપીએ શારીરિક પીડા, રોગ અથવા અશકિત નિપજાવ્યા.

૨. આવું કૃત્ય આરોપીએ ઈરાદા કે જ્ઞાન સાથે સ્વેચ્છાપૂર્વક કરેલ છે.

**(૨૦)** આ કામે ઉપરોકત કલમના આવશ્યક તત્વો તથા હાલના કેસમાં પડેલ પુરાવાઓનુ તેની સામે મુલ્યાંકન કરીએ તો, ફરિયાદી તેમની આંક-૧૨ ની જુબાનીમાં જણાવે છે કે, બનાવના દિવસે તા.૩૦/૧/૨૦૨૩ ના રોજ તેઓ તથા તેમના સસરા રૂા.૭૫,૦૦,૦૦૦/- આરોપીઓ પાસેથી લેવાના નિકળતા હોય જેથી તેઓ ગયેલ હતા તે સમયે આરોપી પ્રકાશભાઈએ ફરિયાદીના સસરા મહાસુખભાઈનો હાથ મચકોડીને પાછળથી બરડાના ભાગે મુકકો મારી નીચે પાડી દીધેલ અને તે વખતે ફરિયાદી વિડીયો ઉતારતા હોય તેથી આરોપી નિશાંત આવીને ફરિયાદીનો મોબાઈલ ખેંચી લીધેલો અને આરોપી પ્રકાશભાઈએ ફરિયાદીનો જમણો હાથ પકડીને મચકોડીને મુકકા મારવા લાગેલ. ફરિયાદીએ તેમની ફરિયાદને સમર્થનકારક જુબાની આપેલ છે. વધુમાં ઉલટ તપાસમાં એવી કોઈ હકીકત રેકર્ડ પર આવી શકેલ નથી કે જેનાથી ફરિયાદપક્ષનો કેસ શંકાના દાયરામાં આવી શકે.

**(૨૧)** તેવી જ રીતે ઈજાપામનાર સાહેદ મહાસુખભાઈ શાંતીલાલ ચંદુરા ની આંક-૧૪ ની જુબાની ધ્યાને લઈએ તો તેઓએ પણ ફરિયાદપક્ષના કેસને સમર્થન આપેલ છે અને બનાવની હકીકતને સમર્થન આપેલ છે. આ સાહેદે તેમની જુબાનીમાં જણાવેલ છે કે, પ્રકાશભાઈએ આ સાહેદને માર મારવાનું ચાલુ કરેલ તેમજ આરોપી નિશાંતે ફરિયાદી બીનાબેનને માર મારેલ

તેમજ આરોપી પ્રકાશે આ સાહેદના પેટમાં ઢીક મુકકીનો માર મારેલ જેની આ સાહેદ પડી ગયેલા હતા. વધુમાં આ સાહેદ જણાવે છે કે, ફરિયાદી બીનાબેન તેમના મોબાઈલ ફોનમાં આ બનાવ રેકર્ડ કરતા હતા ત્યારે આરોપી નિશાંતે તેમનો હાથ મચકોડી નાંખેલ અને મોબાઈલ તોડી નાંખેલ. આ સાહેદની ઉલટ તપાસમાં પણ કોઈ વિરુધ્ધની હકીકત રેકર્ડ પર આવેલ નથી.

(૨૨) આરોપીના વિ.વ.શ્રી ધ્વારા ઉપરોકત બંને સાહેદોની ઉલટ તપાસમાં સમગ્ર બનાવ રૂા. ૭૫,૦૦,૦૦૦/– ની લેણી રકમ બાબતે થયેલ હોય જેથી ફરિયાદીની આર્થિક ક્ષમતા ઉપર પ્રશ્નો પુછેલ છે. પરંતુ ફરિયાદીની આર્થિક ક્ષમતા ન પણ હોય તેમ છતા કહેવાતો બનેલ બનેલ છે અને ફરિયાદી ને ઈજા થયેલ હકીકત પણ નિર્વિવાદીત છે. વધુમાં આ કામના ફરિયાદી તથા સાહેદોએ કોર્ટ રૂબરુ આરોપીઓને ઓળખી બતાવેલ છે. તેમજ આરોપીઓ ધ્વારા જ ફરિયાદી તથા સાહેદને માર મારી ઈજા કરેલ હોવાની હકીકત જણાવેલ છે. જેથી ફરિયાદી તથા સાહેદ મહાસુખભાઈની સોગંદ પરની જુબાની ન માનવાને કોઈ કારણ રહેતુ નથી.

(૨૩) વધુમાં આ કામે મેડીકલ ઓફીસર ડોકટર નીકીતા ધીરજલાલ પટેલની આંક–૨૨ ની જુબાની ધ્યાને લઈએ તો તેઓએ પણ જણાવેલ છે કે, તા.૩૦/૧/૨૦૨૩ ના રોજ રાત્રીના ૮–૦૦ વાગ્યે આ કામના ફરિયાદી સારવાર અર્થે તેમની પાસે આવેલા હતા અને મેઘ મલ્હાર એપાર્ટમેન્ટમાં બાપ દિકરાઓએ માર મારી ઈજા કરેલ હોવાની હકીકત હિસ્ટ્રીમાં જણાવેલ હતી. આમ, બનાવના દિવસે જ ફરિયાદી સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ નવસારી ખાતે ગયેલ છે તેમજ તેઓને ઈજા પણ થયેલ હતી જે ઈજા ડોકટર સાહેદે તેમની જુબાનીમાં જણાવેલ છે તેમજ ફરિયાદીનું

મેડીકલ સર્ટીફીકેટ આ કામે આંક–૨૫ થી રજુ કરવમાં આવેલ છે. તેવી જ રીતે હિસ્ટ્રીમાં આરોપીઓ દ્વારા માર મારવામાં આવેલ હકીકત પણ જણાવેલ છે. જેથી ફરિયાદીની જુબાનીને વધુ સમર્થન આ સાહેદની જુબાનીથી પ્રાપ્ત થાય છે. આમ, ઉપરોકત તમામ પુરાવાઓનું મુલ્યાંકન કરતા આ કામના આરોપીઓએ એક સંપ થઈ ફરિયાદી તથા સાહેદને માર મારી ઈજા પહોંચાડેલ હોવાની હકીકત નિ:શંકપણે પુરવાર થાય છે. જેથી મુદ્દા નંબર–૧ નો જવાબ અંશત: હકારમાં ઠરાવી મુદ્દા નં–૨ લગત નિચે મુજબનો આખરી હુકમ ફરમાવામાં આવે છે.

// **આ ખ રી હુ ક મ** //

**(૧)** આ કામના આરોપી આરોપી નં.(૧) પ્રકાશભાઈ પ્રવીણચંદ્ર ભાઈ સંઘવી તથા નં. (૨) નિશાંતભાઈ S/o પ્રકાશભાઈ પ્રવીણ ચંદ્રભાઈ સંઘવી, બંને રહે. એ–૪૦૨, મેઘમલ્હાર એપાર્ટમેન્ટ, માણેકલાલ રોડ, વિજલપોર, તા.જલાલપોર, જી.નવસારી નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ : ૨૪૮(૧) અન્વયે ઈન્ડીયન પીનલ કોડની કલમ : ૫૦૪, ૫૦૬(૨) મુજબના ગુના સબબ શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

**(૨)** આ કામના આરોપી નં.(૧) પ્રકાશભાઈ પ્રવીણચંદ્રભાઈ સંઘવી તથા નં. (૨) નિશાંતભાઈ S/o પ્રકાશભાઈ પ્રવીણચંદ્રભાઈ સંઘવી, બંને રહે. એ–૪૦૨, મેઘમલ્હાર એપાર્ટમેન્ટ, માણેકલાલ રોડ, વિજલપોર, તા.જલાલપોર, જી.નવસારી નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ : ૨૪૮(૨) અન્વયે ઈન્ડીયન પીનલ કોડની કલમ :

૩૨૩, ૧૧૪ માં તકસીરવાન ઠરાવવામાં આવે છે અને સજા માટે સાંભળવા મુલતવી રાખવામાં આવે છે.

હુકમ આજ તારીખ ૩૦ મી જુલાઈ ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ–૩૦/૦૭/૨૦૨૬
નવસારી.

**(પ્રભાકર કૃષ્ણકાંત રાય)**
એડીશનલ ચીફ જયુડિશ્યિલ મેજીસ્ટ્રેટ,
નવસારી. GJ01112

**સજા અંગે સાંભળ્યા.**

(૨૧) આરોપીના વિ.વ.શ્રી જણાવે છે કે, આ કામના આરોપીઓનો આ પ્રથમ ગુન્હો છે તેમજ આરોપીઓ પર ઘરની તમામ જવાબદારી રહેલી છે,જો આરોપીઓ જેલ જાય તો તેમનો પરિવારને ઘણી તકલીફોનો સામનો કરવો પડે. જો આરોપીઓને સજા કરવામાં આવશે તો તેમનો પરીવાર પડી ભાંગશે. વધુમા એવુ જણાવેલ છે કે આરોપીઓ છેલ્લા ઘણા સમયથી સમાજમાં સારી રીતે જીવી રહ્યા છે અને નોકરી ધંધો કરીને પોતાનું તથા પોતાના પરિવારનું ગુજરાન ચલાવી રહ્યા છે. જેથી આરોપીઓ ને સુધરવાની એક તક આપવી જરૂરી છે. જેથી આરોપીઓ ને સુધરવાની એક તક જરૂર આપવી જોઇએ.

(૨૨) એ.પી.પી.શ્રીની રજૂઆત છે કે આરોપીઓ એ ગંભીર પ્રકારનો ગુનો કરેલ છે અને જે પુરવાર પણ થઇ ગયેલ છે. આવા કેસોમાં આરોપીઓ ને જો પ્રોબેશનનો લાભ આપવામાં આવે તો સમાજમાં તેની ખૂબ જ ખરાબ અસર થાય અને આરોપીઓ ને ખોટું કામ કરવા માટે પ્રોત્સાહન મળે. જેથી આવા આરોપીઓ ને પ્રોબેશનનો લાભ ન આપીને મહત્તમ સજા કરવી જોઇએ.

(૨૩) બંને પક્ષોની રજૂઆત ધ્યાને લીધી. પ્રોબેશન ઓફ ઓફેન્ડર એકટ ૧૯૫૮ ની કલમ-૪ મુજબ જે કોઇ વ્યક્તિ મૃત્યુ દંડ કે જન્મટીપની સજા સિવાય કોર્ટ દ્વારા તકસીરવાન ઠરાવવામાં આવેલ તો **ગુનાની ગંભીરતા અને કેસની પરિસ્થિતિ અને આરોપીનું ચરિત્ર ધ્યાને લઇ અજમાયશી ધોરણે છોડી શકાય.** પ્રોબેશન ઓફ ઓફેન્ડર એકટની કલમ-૪ ધ્યાને લેતા તેમજ આ કામના આરોપીઓ અત્રેની અદાલતમાં કેસ ચાલતા દરમિયાન નિયમિત હાજર રહેલા છે, તેમજ હાલનો કેસ ચાલતા દરમિયાન બીજો કોઇ ગુનો આરોપીઓ વિરૂદ્ધ નોંધેલ હોય તેવુ કશુ રજુ થયેલ નથી. આ કામે ગુનાનો

પ્રકાર અને ગંભીરતા જોતા આ ગુનો એ પ્રકારનો નથી કે આરોપીઓ ને પ્રોબેશનનો લાભ ન આપી શકાય. આ કામે આરોપીઓ અને ફરિયાદી વચ્ચે જે કોઈ બનાવ બનેલ છે તે કૌટુંબીક તકરાર હતી. આરોપીઓનો કોઈ ગુનાહિત ઈતિહાસ નથી. આરોપીઓ કોઈ રીઢા ગુનેગાર નથી. જો આરોપીઓને કેદમાં મોકલવામાં આવશે તો આરોપીઓની માનસિક સ્થિતિને ખુબજ મોટો આંચકો લાગે તેમ છે તેમજ આરોપીઓના સંતાનો ના રખ રખાવ અને દેખરેખ કોણ કરશે અને તેમની જવાબદારી કોણ ઉપાડશે તેનો પણ પ્રશ્ન ઉપસ્થિત થાય. વધુમાં કાયદો લોકોને સુધારવા માટે હોય છે. જેથી આ કામે પણ આરોપીઓ ને સુધરવાની એક તક આપવી જોઇએ, તેવું અત્રેની કોર્ટનું સ્પષ્ટપણે માણવું છે. જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>આખરી હુકમ</u>**

**(૧)** આ કામના આરોપી નં.(૧) પ્રકાશભાઈ પ્રવીણચંદ્ર ભાઈ સંઘવી તથા નં. (૨) નિશાંતભાઈ S/o પ્રકાશભાઈ પ્રવીણચંદ્ર ભાઈ સંઘવી,બંને રહે. એ-૪૦૨, મેઘમલ્હાર એપાર્ટમેન્ટ, માણેકલાલ રોડ, વિજલપોર, તા.જલાલપોર, જી.નવસારીનાઓને ઇ.પી.કો. કલમ-૩૨૩ તથા ૧૧૪ માં તકસીરવાન ઠરાવ્યા બાદ પ્રોબેશનનો લાભ આપવું યોગ્ય જણાય આવતું હોય હાલ પુરતા સજા ના કરતા એક વર્ષ માટે કાયદો અને વ્યવસ્થા જાળવવા અને ફરીથી ગુનાહિત પ્રવૃત્તિ નહિં કરવાની શરતે ૧૦,૦૦૦/- ના જામીન અને તેટલીજ રકમના જાતમુચરકા રજુ કર્યેથી પ્રોબેશન ઓફ ઓફેન્ડરસ એકટની કલમ-૩ મુજબ અજમાયશી ધોરણે મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે અને આરોપીઓ આ સમય દરમ્યાન કાયદો અને વ્યવસ્થા નહિં જાળવશે અને કોઈ ગુનાહિત પ્રવૃત્તિ કરશે તો તેમની સામે પ્રોર્બેશન ઓફ ઓફેન્ડર્સ એકટ ૧૯૫૮ ની કલમ-૯ મુજબ કાર્યવાહી કરવામાં આવશે અને

કોર્ટ ધ્વારા જે તે સમયે નિમિત્ત સજા તેમણે ભોગવવાની રહેશે. પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એકટ–૧૯૫૮ ની કલમ–૩ મુજબ એક વર્ષના પ્રોબેશન ઉપર તેઓને મુકત કરવામાં આવે છે.

**(૨)** આ સમય દરમિયાન જો આરોપીઓ કોઇપણ પ્રકારનું ગુનાહિત કૃત્ય કરશે તો તેઓને હાલના કેસમાં સજા ભોગવવા માટે અત્રેની કોર્ટમાં હાજર રહેવું.

**(૩)** આ કામના આરોપીઓને સી.આર.પી.સી. ની કલમ–૩૬૩ મુજબ આ હુકમની એક નકલ વિના મુલ્યે આપવી.

**(૫)** આ કામે પોલીસ દ્વારા કોઇ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ ન હોય મુદામાલ અંગે કોઇ હુકમ કરવામાં આવતો નથી.

આ હુકમ આજરોજ તારીખ ૩૦ મી જુલાઈ ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ–૩૦/૦૭/૨૦૨૬

**(પ્રભાકર કૃષ્ણકાંત રાય)**
એડીશનલ ચીફ જયુડિશ્યિલ મેજીસ્ટ્રેટ,
નવસારી. GJ01112